# સિટી સિવીલ એન્ડ સેશન્સ કોર્ટ,ભદ્ર, અમદાવાદ

(ડેટા એન્ટ્રીની સેવાઓ માટે તદ્દન કામચલાઉ/હંગામી ધોરણે, એડહોક લેવલે આઉટસોર્સીંગથી " ડેટા એન્ટ્રી ઓપરેટરો " રાખવા બાબતે )

## TENDER NOTICE

| સી.ન. | વિગત | રીમાર્ક્સ |
|---|---|---|
| ૦૧ | કામગીરીનો પ્રકાર | ડેટા એન્ટ્રીની સેવાઓ માટે તદ્દન કામચલાઉ/હંગામી ધોરણે, એડહોક લેવલે આઉટસોર્સીંગથી " ડેટા એન્ટ્રી ઓપરેટરો " ની સેવાઓ મેળવવા બાબત |
| ૦૨ | સ્થળ | સિટી સિવીલ એન્ડ સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ |
| ૦૩ | ટેન્ડરની પ્રસિધ્ધી | અત્રેની કોર્ટની વેબસાઇટ https://ahmedabad-ccc.dcourts.gov.in/ તેમજ સરકારશ્રીના GeM પોર્ટલ https://gem.gov.in/ પર ઉપલબ્ધ રહેશે. |
| ૦૪ | કામગીરીનો પ્રકાર | અત્રેની કચેરીના વિભાગો તેમજ કોર્ટોમાં સોંપવામાં આવતી કામગીરી |
| ૦૫ | Earnest Money Deposit (ટેન્ડર પ્રકીયાના અંતે શરતોને આધિન પરત મળવાપાત્ર) | રૂ.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ પુરા) નો રાષ્ટ્રીયકૃત બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ / પે ઓર્ડર " રજીસ્ટ્રાર, સિટી સિવીલ કોર્ટ, અમદાવાદ " અચુક જમા કરાવવાનો રહેશે.<br>ઉક્ત જણાવેલ અન્ય કોઇપણ સ્વરૂપમાં ( ડીમાન્ડ ડ્રાફ્ટ / પે ઓર્ડર સિવાય) સ્વિકારવામાં આવશે નહી, જેની નોંધ લેવી. |
| ૦૬ | સિક્યોરીટી ડીપોઝીટ | સફળ બિડર / ટેન્ડર મેળવનારે ટેન્ડર મળ્યાના કુલ-૧૫ દિવસમાં રૂ.૧,૭૫,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ પંચોતેર હજાર પુરા) સિક્યોરીટી ડીપોઝીટ પેટે અત્રેની કચેરીના નાઝર વિભાગમાં અચુક જમા કરાવવાના રહેશે, જે ટેન્ડરની મુદત પુરી થયા બાદ શરતોને આધિન પરત કરવામાં આવશે |
| ૦૭ | સમય અવધિ | ટેન્ડર મળ્યાથી તા.31.10.2025 અથવા રેગ્યુલર જગ્યા ભરવામાં આવ્યેથી પુર્ણ, જે સમયગાળો ઓછો હોય તેટલી સમય અવધિ રહેશે. |
| ૦૮ | ટેન્ડરની આખરી મુદત | અત્રેની કચેરીની વેબસાઇટ https://ahmedabad-ccc.dcourts.gov.in/ અને / અથવા Government E Market (GEM) Portal https://gem.gov.in/ માં જણાવ્યા મુજબ |
| ૦૯ | ઇ.એમ.ડી.ની રકમ અત્રેની કચેરીને આર.પી.એડી./ સ્પીડ પોસ્ટ/રૂબરૂથી અચુક ફીઝીકલી ફરજીયાત મોકવાવવાની છેલ્લી તારીખ | અત્રેની કચેરીની વેબસાઇટ https://ahmedabad-ccc.dcourts.gov.in/ અને / અથવા Government E Market (GEM) Portal https://gem.gov.in/ માં જણાવ્યા મુજબ.<br>જો તેમ કરવામાં કસુર કરશો તો બીડ નકારી કાઢવામાં આવશે. |

## સુચનાઓ

૧. સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ કોઈપણ અથવા તમામ ટેન્ડરોને નકારી કાઢવાનો અબાધિત અધિકાર અત્રેની કચેરીની ટેન્ડર કમિટીને રહેશે.

૨. ટેન્ડર ફી અને ઇ.એમ.ડી.ની રકમ નિયત સ્વરૂપમાં અને સમય મર્યાદામાં જમા ન કરાવામાં આવે તો તે અંગેનો ટેન્ડર / બીડ નકારી કાઢવાનો અબાધિત અધિકાર અત્રેની કચેરીની ટેન્ડર કમિટીને રહેશે.

૩. ટેન્ડર ફી અને ઇ.એમ.ડી.ની રકમ ટેન્ડર ભરનારે / બીડરે સિલબંધ કરવમાં અચુક જમા કરાવવાની રહેશે, જેમાં કવર ઉપર મોકલનારનું નામ સરનામુ (પીન કોડ સાથે) તેમજ " સિટી સિવીલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદમાં ડેટા એન્ટ્રી ઓપરેટરની સેવાઓ માટેની ઇ.એમ.ડી" એમ સ્પષ્ટ રીતે વાંચી શકાય તેમજ સુવાચ્ય અક્ષરે લખવું.

૪. ટેન્ડર મેળવવામાં નિષ્ફળ થનાર અસફળ ટેન્ડર ભરનાર / અસફળ બીડરને શરતોને આધિન ઇ.એમ.ડી.ની રકમ વ્યાજ વિના ટેન્ડર પ્રક્રિયાના અંતે દિન-૧૫માં તેઓને પરત કરવામાં આવશે.

**નિચે જણાવેલ સંજોગોમાં ઇ.એમ.ડી. પરત કરવામાં આવશે નહી એટલે કે જપ્ત કરવામાં આવશે.**

A જો બિડર દ્વાર બિડ કર્યા બાદ આપમેળે બિડ વીડ્રો કરવામાં આવે.

B જો બિડર કોઇ ગુનાહીત પ્રવૃતી સાથે સંકાળાયેલ હોવાની જાણ મળે અથવા ખોટા દસ્તાવજો ઉભા કરી બિડ કરે.

C ટેન્ડર પ્રકીયામાં બિડ / ટેન્ડર મેળવ્યા બાદ કામગીરી કરવામાં અક્ષમતા દર્શાવે.

૫. ઇ.એમ.ડી. જપ્ત કરવાના કિસ્સાઓમાં સિટી સિવીલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ બિડર / ટેન્ડર ભરનારને બ્લેકલીસ્ટ કરવા તેમજ ભવિષ્યમાં અન્ય કોઇ સરકારી , અર્ધ સરકારી કે અન્ય સંસ્થાઓમાં ટેન્ડર ભરવા / બીડ કરવા માટે માટે ગરલાયક ઠેરવવા અંગે હુકમ કરવાનો અબાધિત અધિકાર અત્રેની કચેરીની ટેન્ડર કમિટીને રહેશે.

૬. સિટી સિવીલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદને ઉપરોક્ત જણાવેલ ટેન્ડર / બીડની તારીખોમાં ફેરફાર કરવાનો અબાધિત અધિકાર અત્રેની કચેરીની ટેન્ડર કમિટીને રહેશે.

૭. ટેન્ડર / બીડ પ્રકીયા દરમ્યાન અને પ્રકીયા બાદ અત્રેની કચેરીની ટેન્ડર કમિટી દ્વારા લેવામાં આવેલ નિર્ણય આખરી રહેશે.

## THE TENDER AND THE OFFER

PART I

Form "A", "B", "C" along with All Technical bid documents are required to be submitted in support of experience, financial position, undertaking and Declaration etc. In Government E Market (GEM) Portal. All the documents submitted should be signed and stamped On letterpad Of Bidder.

EMD in the prescribed form Form "A" along with Form "B" and Form "C" duly signed and stamped On letterpad Of Bidder shall be placed in sealed cover and be submitted physically as per Tender Notice along with Original Demand Draft / Pay Order of EMD to The NAZIR DEPARTMENT Room No. 317, 3rd Floor, City Civil And Sessions Court, Bhadra, Laldarwaja, Ahmedabad- 380001. addressing "The Registrar, City Civil Court, Ahmedabad".

**PART II**

To be submitted online only before the stipulated time In Government E Market (GEM) Portal.

**CORRIGENDUM**

Sometimes issue of Corrigendum may be necessary to clarify doubts raised or to make some corrections. All such corrigendum shall be displayed on web-site https://ahmedabad-ccc.dcourts.gov.in/ or Government E Market (GEM) Portal https://gem.gov.in/ only.

The bidders are therefore advised to refer to these sites from time to time to keep themselves updated.

**ELIGIBLITY CRITERIA & OTHER CONDITIONS**

1) The Bidder must have registered office or branch in the districts of Ahmedabad or Gandhinagar. Rent Agreement will not be considered as registered Address.
(**ONLY GST Certificate will be considered as registered address**)

2) Bidder should have minimum Five (05) Years' experience since incorporation.

3) Bidder Must have minimum annual turnover of Rs.35,00,000/- (Thirty Five Lakh) during last Five Financial Year (each)
(Estimated Bid Value is Rs.35,00,000/-)

4) Copies of the following documents must be submitted along with the Technical Bid,
(a) audited balance sheet of Last Five Financial years.
(b) Service Tax Registration Certificate. /GST Certificate.
(c) PAN No.
(d) ESI Registration/EPF Registration.
(e) CA Certified Turnover Certificate must consist for Last financial Five Year
(e.g. FY2023-24, FY2022-23, FY2021-22, FY2020-21 & FY2019-18)

**Failing in which will leads to disqualification on reason of non-submission of documents.**

5) The bidder should have carried out following Work during in Last Five Years.

Bidder must have at least one similar work experience in (Hiring of manpower for Data Entry Operator only) in any Government/Semi Govt/PSU/Govt. Undertakings etc. And must Submit Work order/certificate of Concerned Authority.

6) The bidder **Must have experience in Hiring of Data Entry Operator Services.** any other manpower related services such as Cleaning Service, Security Service will not be Considered as Experience.

7) All Firms who participate in the tender process must submit a certificate cum Declaration on affidavit that they have not been banned/blacklisted by any authority/ministry/dept. In the past. If the firm has been banned/blacklisted by any authority/ministry/dept., the same must be mentioned in the bid.

8) In addition of the above, bidder shall submit all the documents /certificates mentioned in the tender document.

10) The Bidder should not have been blacklisted or banned in any manner by any Government, Quasi-Government Authority or any Public Sector Undertaking in India. **The Bidder shall submit written declaration to that effect along with the Bid**.

(11) Form “A”, “B” and “C” along with Original Demand Draft / Pay Order Must be submitted Physically to NAZIR DEPARTMENT Room No. 317, 3rd Floor, City Civil And Sessions Court, Bhadra, Laldarwaja, Ahmedabad- 380001. On or before Last Date to Submit the Bid / Tender as per Tender Notice published on https://ahmedabad-ccc.dcourts.gov.in/ અને / અથવા Government E Market (GEM) Portal https://gem.gov.in/ .

**Failing in which Leads to reject The Tender / The Bid.**

# FORM A

On Bidder's Letter Head

From : Date:

To,
Registrar,
City Civil and Sessions Court,
Bhadra,
Ahmedabad-380001.

Subject : To Accept Earnest Money Deposit…

Respected Sir,

With Reference to above and as per terms and conditions of Tender, I / We are sending herewith Demand Draft / Pay Order No.________ Dated ___/___/2024 of ______________________________ (Name of Bank and Branch) For Rs.1,00,000/- (One Lakh Rupees Only )being the amount of E.M.D.

Thanking You

Yours Faithfully

(Name and Signature along with Stamp)

ENCL - Original Demand Draft / Pay Order

# FORM B

**FORM FOR FURNISHING INFORMATION FOR TECHNICAL BID**

**Summary Of Bid**

On Bidder's Letter Head

| Sr No | Particulars | To be Filled By The Bidder |
|---|---|---|
| 1 | Name and Address with Pincode of the Bidder with contact details.<br>Mobile no.<br>Fax no.<br>Email id. | |
| 2 | Earnest money:<br>(a) Number, date and amount of D.D./ Pay Order.<br>(b) Bank on which D.D./Pay Order is drawn. | |
| 3 | Income tax PAN card Number | |
| 4 | Firm / Company Registration certificate | |
| 5 | GST registration certificate | |
| 6 | EPF Registration certificate | |
| 7 | ESIC registration certificate | |
| 8 | Turnover of last five financial years supported by Income Tax Returns and Certificate of Chartered Accountant consisting Last Five Financial Year. | |
| 9 | Any Other (Specify) | |

Place

Date (Name and Signature along with Stamp)

**Note : (This Form Must be Filled Separately, Failing in which leads to disqualification)**

# FORM C

**FORM FOR FURNISHING INFORMATION FOR TECHNICAL BID**

**Summary of Ongoing and Previous Experience related to Data Entry Operator Outsourcing Work.**

| Sr No | Name Of Organization | Type Of Manpower Services Provided | | No. Of. Persons Employed | Value of Contract | From Date | To Date | Number of Years-Months-Days. |
|---|---|---|---|---|---|---|---|---|
| | | Data Entry Operator Services (Yes Or No) | (If Not Data Entry Services, Kindly Specify The other Manpower Services) | | | | | |
| 1 | | | | | | | | |
| 2 | | | | | | | | |
| 3 | | | | | | | | |
| 4 | | | | | | | | |
| 5 | | | | | | | | |
| 6 | | | | | | | | |
| 7 | | | | | | | | |
| 8 | | | | | | | | |
| 9 | | | | | | | | |

Place

Date (Name and Signature along with Stamp)

**Note : (This Form Must be Filled Separately, Failing in which leads to disqualification)**

## ડેટા એન્ટ્રી ઓપરેટરનીસેવાઓ માટેના ટેન્ડરની શરતો

૧. એજન્સી દ્વારા પુરા પાડવામાં આવનાર ડેટા એન્ટ્રી ઓપરેટરો સગીર વયના ના હોવા જોઈએ તેમજ તે જ રીતે ૫૮ વર્ષથી વધુના ના હોવા જોઈએ તેમજ ડેટા એન્ટ્રી ઓપરેટરની લઘુત્તમ લાયકાત 12 પાસ તેમજ કોમ્પ્યુટરનું પાયાનું જ્ઞાન જેવું કે MS Office, Data Entry, Typing અને પુર્વ અનુભવ હોવું જરૂરી છે અને તે અંગેના પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે.

૨. અત્રેની સિટી સિવીલ એન્ડ સેશન્સ કોર્ટ માટે કચેરી સમય સવારે ૧૦–૩૦ કલાકે થી સાંજના ૦૬–૧૦ કલાક સુધી ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકે ફરજ બજાવવાની રહેશે. ઉપરાંત સિટી સિવીલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદની કોર્ટો માટે કચેરી સમય સિવાય સરકારશ્રી તરફથી જાહેર કરેલ રજાઓ તેમજ અન્ય રજાઓમાં કચેરી તરફથી જણાવવામાં આવે તે દિવસે ડેટા એન્ટ્રી ઓપરેટરને હાજર રાખવાના રહેશે. કોઇ ડેટા એન્ટ્રી ઓપરેટર અનિવાર્ય સંજોગોને કારણે હાજર રહી ન શકે તેવા સંજોગોમાં અન્ય ડેટા એન્ટ્રી ઓપરેટર પુરા પાડવાની જવાબદારી એજન્સીની રહેશે.

એજન્સી તરફથી પુરા પાડવામાં આવેલ ડેટા એન્ટ્રી ઓપરેટર જો ગેરહાજર રહે તો તે દિવસનું મહેનતાણું બિલમાં ચુકવવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી. તદઉપરાંત કચેરી તરફથી એજન્સીના માણસોને સંજોગોવસાત રોકવામાં આવે તો તે સમય/દીવસનું કોઇ વધારાનું વળતર ચુકવવામાં આવશે નહી. તેમજ ખાસ સંજોગોમાં રજાના દિવસો દરમ્યાન કચેરીમાં હાજર રહેવાના પ્રસંગોમાં તે દિવસનું વધારાનું કોઇ વળતર એજન્સીના માણસોને આપવામાં આવશો નહી.

૩. કામની પધ્ધતિમાં દર્શાવ્યા સમય દરમ્યાન  ડેટા એન્ટ્રી ઓપરેટર પધ્ધતિસર સંતોષકારક કામ કરે છે કે નહી? તે અંગેની જવાબદારી એજન્સીની રહેશે. જો તેમ કરવામાં કસુર થયેથી સંસ્થાનો સેવા સમય પુર્ણ કરવાનો અબાધિત હક્ક અત્રેની ટેન્ડર કમિટીને રહેશે.

૪. સદર ડેટા એન્ટ્રી ઓપરેટરોને આપવામાં આવતું મહેનતાણું સરકારશ્રી દ્વારા બહાર પડાયેલ/પાડવામાં આવેલ/આવનાર લઘુત્તમ વેતનથી ઓછુ ન હોવુ જોઇએ અને સદર મહેનતાણું બેંક એકાઉન્ટમાં જ જમા કરાવવાનું રહેશે. ડેટા એન્ટ્રી ઓપરેટરોને આપવામાં આવતા મહેનતાણાંની, તેમાંથી નિયમ મુજબની થયેલ જરુરી કપાતની અંગે ડેટા એન્ટ્રી ઓપરેટરોના જરૂરી એકાઉન્ટ નંબરો(પી.એફ.,ESIC વિગેરે નંબર) ડેટા એન્ટ્રી ઓપરેટરોને આપવાના રહેશે તથા તે અંગેનુ જરુરી સ્ટેટમેન્ટ દર માસે નિયમીતપણે કચેરીમાં જમા કરાવવાનું રહેશે. એજન્સી દ્વારા પુરા પાડવામાં આવેલ ડેટા એન્ટ્રી ઓપરેટરોના પી.એફ. તેમજ ઇ.એસ.આઇ.સી વિગેરે એકાઉન્ટ ખોલાવી તેમાં સદર રકમ ફરજીયાત જમા કરાવાની રહેશે અને તે અંગેના સ્ટેટમેંટ કચેરીને રજુ કરવાના રહેશે.

૫. એજન્સીએ કચેરી સમય દરમ્યાન કુલ–૨૨ (બાવીસ) ડેટા એન્ટ્રી ઓપરેટર પુરા પાડવાના રહેશે.

૬. એજન્સી તરફથી પુરા પાડવામાં આવનાર ડેટા એન્ટ્રી ઓપરેટરો સામે કોઇ પણ કોર્ટમાં કોઇ ક્રિમીનલ કેસ નોંધાયેલ કે પડતર હોવો જોઇએ નહી અને તે અંગેની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે.

૭. એજન્સી દ્વારા પુરા પાડવામાં આવનાર ડેટા એન્ટ્રી ઓપરેટરોના નામ, સરનામા તથા સંપર્ક નંબર સાથેની યાદી કચેરીને આપવાની રહેશે તેમજ એજન્સીએ સદર ડેટા એન્ટ્રી ઓપરેટરોને તેઓની એજન્સીના ઓળખપત્ર ફરજીયાત આપવાના રહેશે.

૭. ડેટા એન્ટ્રી ઓપરેટરો પુરા પાડવાની બાબત અંગેની સરકારશ્રીની જોગવાઇઓ સહિતના તમામ કાયદા તેમજ નિયમોના પાલનની જવાબદારી એજન્સીની રહેશે અને તે માટે અત્રેની કચેરી કોઇ પણ રીતે જવાબદાર રહેશે નહી.

૮. એજન્સીએ પી.એફ તથા સરકારશ્રીના પ્રવર્તમાન તથા વખતોવખત બહાર પાડવામાં આવતા કાયદાઓ, નિયમો, ઠરાવો, પરીપત્રોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. એજન્સીએ જે તે માસની કામગીરીના મહેનતાણાં અંગેનું બીલ તે પછીના માસની પાચમી તારીખ સુધીમાં મોકલી આપવાનું રહેશે.

૧૦. એજન્સી દ્વારા પુરા પાડવામાં આવેલ ડેટા એન્ટ્રી ઓપરેટરોને તેમની કામગીરીના મહેનતાણું દર માસની ૫મી તારીખ સુધી અચુકપણે અને કોઇપણ સંજોગોમાં ચુકવી આપવાનું રહેશે અને તે અંગેનું સ્ટેટમેંટ કચેરીને રજુ કરવાનું રહેશે.

૧૧. એજન્સીના બિલનું ચુકવણું કચેરીમાં ગ્રાન્ટની ઉપલબ્ધતાને ધ્યાને લઇને કરવામાં આવશે. કોઇ સંજોગોમાં ગ્રાન્ટના અભાવને કારણે એજન્સીના બિલના ચુકવણામાં વિલંબ થાય તો પણ એજન્સીએ જે તે ડેટા એન્ટ્રી ઓપરેટરોના પગાર દર માસે ૧ થી ૫ તારીખ સુધીમાં નિયમીત ચુકવવાના રહેશે. આ અદાલત દ્વારા બિલના ચુકવણામાં વિલંબ થાય તો તે બદલ કોઇ પણ વ્યાજની રકમ મળવાપાત્ર થશે નહી.

૧૨. એજન્સીએ પ્રવર્તમાન જોગવાઇ મુજબ સર્વિસ ટેક્ષ તથા જી.એસ.ટી. બિલમાં અલગથી દર્શાવવાનું રહેશે અને તે રકમ કચેરી દ્વારા ચુકવાય તે એજન્સીએ તેમના સર્વિસ ટેક્ષ ખાતામાં જમા કરાવાની રહેશે વધુમાં સરકારશ્રીના પ્રવર્તમાન નિયમાનુસાર કચેરી દ્વારા ટી.ડી.એસ. જી.એસ.ટી ની રકમ કપાત કચેરી દ્વારા કરવામાં આવશે.

૧૩. એજન્સી દ્વારા પુરા પાડવામાં આવનાર ડેટા એન્ટ્રી ઓપરેટરોની અણઆવડત, બેદરકારી કે હેતુપુર્વક તથા અન્ય કોઇ પણ કારણસર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અત્રેની કચેરીના સરકારી રેકર્ડની માહિતી, ફર્નિચર કે, ચીજવસ્તુઓને પ્રત્યક્ષ કે, પરોક્ષ રીતે થયેલ નુકસાન કે સરકારને ભોગવવાનું થતું તમામ

નુકસાન એજન્સીએ ભરપાઇ કરવાનું રહેશે.

૧૪. એજન્સીએ પુરા પાડેલા ડેટા એન્ટ્રી ઓપરેટરોના જુથ અને/અથવા વ્યકિતગત અકસ્માત વિમો હેઠળ જરૂરી વિમો ઉતારવાની જવાબદારી એજન્સીની રહેશે અને એજન્સી દ્વારા પુરા પાડવામાં આવેલ ડેટા એન્ટ્રી ઓપરેટરો પૈકી કોઇ કુદરતી, આકસ્મીક, અકસ્માત કે અપ મૃત્યુથી અવસાન પામે તો તેની કોઇ પણ જવાબદારી અત્રેની કચેરીની રહેશે નહી.

૧૫. એજન્સી દ્વારા ફરીયાદો, માંગણીઓ અંગેનુ રજીસ્ટર નિભાવવાનું રહેશે જેમા ન થઇ શકેલ કામગીરી અને તે અંગેના કારણો દર્શાવવાના રહેશે.

૧૬. જે તે અદાલત, કચેરીમાં મુકવામાં આવેલ ડેટા એન્ટ્રી ઓપરેટરો કોઇ કારણસર ગેર હાજર કે રજા પર હોય તો એજન્સીએ તેની આગોતરી વૈકીલ્પીક વ્યવસ્થા કરવાની રહેશે અને તેની જાણ જે તે અદાલત/કચેરીને કરવાની રહેશે તેમજ હાજર વ્યક્તિઓનું જ મહેનતાણું ચુકવવામાં આવશે.

૧૭. એજન્સી દ્વારા પુરા પાડવામાં આવેલા ડેટા એન્ટ્રી ઓપરેટરો પૈકી જે ડેટા એન્ટ્રી ઓપરેટરો અત્રેની કચેરીને અયોગ્ય જણાશે કે તેના વર્તન/સેવાથી અસંતોષ જણાશે તેવા માણસો બદલીને નવા ડેટા એન્ટ્રી ઓપરેટરો પુરા પાડવાના રહેશે.

૧૮. એજન્સી દ્વારા પુરા પાડવામાં આવનાર ડેટા એન્ટ્રી ઓપરેટરો અને એજન્સી વચ્ચેની કોઇપણ બાબત જેવી કે માલિક અને નોકરના સંબંધ વગેરે કોઇ પણ પ્રકારની કાયદાકીય કે અન્ય કોઇપણ જવાબદારી અત્રેની કોર્ટની રહેશે નહી.

૧૯. એજન્સી દ્વારા પુરા પાડવામાં આવનાર ડેટા એન્ટ્રી ઓપરેટરો અત્રેની કચેરીમાં નોકરી, સરકારી કર્મચારી તરીકે મળવા પાત્ર લાભો કે નોકરીમાં કાયમી કરવા અંગેનો કોઇપણ પ્રકારનો હક્ક/દાવો કરી શકશે નહી.

૨૦. જો એજન્સી ડેટા એન્ટ્રી ઓપરેટરની સેવાઓ સંતોષકારક રીતે પુરી કરવામાં નિષ્ફળ જણાશે, અત્રેની કચેરીને તેઓની સેવાઓ અસંતોષ જણાશે તો કોઇ પણ પ્રકારનું કારણ દર્શાવ્યા સિવાય એજન્સીને એક માસની નોટીસ આપીને ઇજારાનો અંત લાવી શકાશે. આ રીતે રદ થયેલ કરારના બાકીના સમયગાળાનું કોઇ વળતર આપવામાં આવશે નહી.

૨૧. જો એજન્સી કરાર ચાલુ રાખવા ઇચ્છતી ન હોય તો તેણે કરાર સમાપ્ત કરવા અંગે એક માસ અગાઉ જાણ કરવાની રહેશે.

૨૨. એજન્સીના માલિકના મુત્યુના કિસ્સામાં કરાર સમાપ્ત થયેલો ગણાશે અને તેના કાયદેસરના વારસદારનો કોઇ હક્ક/દાવો રહેશે નહી. આમ છતા એજન્સીના માલીકના કાયદેસરના વારસદારો, કરારની બોલીઓ અને શરતો મુજબ આ કામગીરી ચાલુ રાખવા માંગતા હોઇ તો ત્રણ માસ સુધી તેઓ આ કામગીરી ચાલુ રાખી શકાશે, પરંતુ તે અંગેનો આખરી નિર્ણય " ટેન્ડર કમિટી " નો રહેશે.

૨૩. બિનસંતોષકારક સેવા જણાતા એજન્સી અને તેના કર્મચારીઓ બ્લેકલીસ્ટ કરવામાં આવશે.

૨૪. આ કરારની સમય મર્યાદા પુર્ણ થયેથી કરાર લંબાવવા અંગેનો નિર્ણય " ટેન્ડર કમિટી "નો આખરી રહેશે.

૨૫. આ કરાર કે કરારમાં સમાવિષ્ટ કોઇ પણ બાબતે અને કરારમાં સમાવિષ્ટ ન હોય તે તમામ બાબતે " ટેન્ડર કમિટી "નો નિર્ણય આખરી ગણાશે.

૨૬. સદર ડેટા એન્ટ્રી ઓપરેટરોએ તેમની ફરજ કચેરી દ્વારા ફાળવવામાં આવેલ વિભાગ કે કોર્ટમાં કામગીરી કરવાની રહેશે જે અંગે એજન્સી અથવા ડેટા એન્ટ્રી ઓપરેટરોની કોઇ તકરાર ચાલશે નહી.

૨૭. સદર ડેટા એન્ટ્રી ઓપરેટરોની હિસ્ટ્રીશીટ, બાયોડેટા, વ્યક્તિગત પોલીસ તપાસનો અહેવાલ તેમજ અન્ય સંલગ્ન તમામ બાબતો એજન્સીએ જાતે સંપુર્ણપણે ખરાઇ કર્યા બાદ જ પુરા પાડવાના રહેશે.

ઉપરોક્ત તમામ શરતો મેં / અમે વાંચી છે અને તે હું / અમે બરાબર સમજ્યા છીએ. ઉપર ભાવપત્રકમાં નિદિષ્ટ પ્રવૃતિ–કામગીરીની વિગતો અને કામની પધ્ધતિ પણ વાંચી સમજીને સ્વીકારીએ છીએ. આ સર્વે શરતો અને કામગીરીની વિગતોનો કોઇપણ વાંધો વિરોધ કે તકરાર સિવાય સંપુર્ણ પણે સ્વીકાર કરુ/ કરીએ છીએ અને આ ભવપત્રક ભર્યુ છે.

સ્થળ — એજન્સી ભરનારનું નામ–

તા. — એજન્સી ભરનારની સહી/સીક્કો